# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં ખાતે એક હજાર 593 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું
2) શ્રી શાહે અમદાવાદના સાણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રામાં ભાગ લીધો.
3) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે કહ્યું હતું કે, સરકારે ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં એ ભાવનાને જળસંચય પ્રવૃત્તિથી સાર્થક કરી છે
4) રાજ્યના ત્રણ શહેરોમાં સ્ટેટ મોનીંટરીંગ સેલનાં - NDPSના વધુ ત્રણ કેસ નોંધ્યા
5) IPL ક્રિકેટમાં, દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ શરૂ.

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH  NARANPURA LOKARPAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં ખાતે એક હજાર 593 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા     ખાતમુહૂર્ત કર્યું હતું. નારણપુરા ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્રી શાહે પ્રધાનમંત્રી આવાસ નિર્માણ યોજના અંતર્ગત 107 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામેલા એક હજાર 55 આવાસોનાં ડ્રોનાં કેટલાંક લાભાર્થીઓને ચાવી એનાયત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનની સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે  , પહલગામ હુમલા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની જનતાને કહ્યું હતું કે, આતંકવાદીઓનાં અડ્ડાઓને માટીમાં ભેળવી દઈશું. નરેન્દ્ર મોદીની ઈચ્છા શક્તિ, સેનાનું પરાક્રમ, અને ગુપ્તચર એજન્સીઓની સટીક જાણકારી અને સેનાની મારક ક્ષમતાએ આતંકવાદીઓના નવ અડ્ડાઓને ધ્વસ્થ કરી નાંખ્યાં.

શ્રી મોદીએ પ્રથમ સર્જિકલ સ્ટ્રાઈક, ત્યારબાદ એર સ્ટ્રાઈક અને તાજેતરમાં મહિલાઓનાં માથા પરથી સિંદૂર ભૂંસવાવાળાઓ સામે ઓપરેશન સિંદૂર કરી આતંકવાદીઓન જડબાતોડ જવાબ આપ્યો છે.

(બાઈટ – અમિત શાહ, તિરંગા યાત્રા)

. . . . . . . . . . . . .

# Tiranga Yatra - Sanand

ભારતીય સેનાના અપ્રતિમ સાહસ , શૌર્ય અને પરાક્રમ 'ઓપરેશન સિંદૂર'ને બિરદાવવા દેશભરમાં તિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં અમદાવાદના સાણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ તિરંગા યાત્રામાં જોડાયા હતા.

તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા શ્રી શાહે નળ સરોવર ચોકડીથી એકલિંગજી રોડ પર આવેલા મહારાણા પ્રતાપ સ્ટેચ્યૂ સુધી પદયાત્રા કરી હતી. તેમણે યુવાનો અને ગ્રામજનોના ઉત્સાહને આવકાર્યો હતો.

મોટી સંખ્યામાં સાણંદ અને આસપાસના વિસ્તારોના પ્રજાજનો , સામાજિક અને રાજકીય અગ્રણીઓએ તિરંગા યાત્રામાં ઉત્સાહભેર સહભાગી થઈને ભારત માતાના જયઘોષથી વાતાવરણને જીવંત બનાવ્યું હતું તથા ભારતીય સેનાના સાહસ અને શૌર્યને વધાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# TIRANGA YATARA

રાજકોટના ધોરાજી તાલુકામાં  કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયાની ઉપસ્થિતિમાં આજે તિરંગા યાત્રા યોજાઇ. આ પ્રસંગે તેમણે ભારત માતાની છબીને ફુલહાર અર્પણ કરીને દેશ સેવામાં પોતાનું જીવન સમર્પિત કરનાર નિવૃત્ત સૈનિકોનું સન્માન કર્યું હતું. આ યાત્રામાં ઉપલેટાના ધારાસભ્ય સહિત સ્થાનિક આગેવાનો જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# Amit Shah

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે , રાષ્ટ્રની પ્રગતિ માટે મજબૂત સહકારી માળખું હોવું જરૂરી છે. અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધતા શ્રી શાહે ભારતની વિકાસ યાત્રામાં સહકારી ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો.

(બાઈટ – અમિત શાહ)

શ્રી શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ- PACSનો નવસંચાર કરીને દેશમાં સહકારી માળખાને મજબૂત કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે 2029 સુધીમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં કૃષિ ધિરાણ મંડળી સ્થાપિત કરવાના સરકારના મહત્વાકાંક્ષી લક્ષ્યની રૂપરેખા પણ રજૂ કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે , રાજ્યમાં 89 હજારથી વધુ સહકારી સંસ્થાઓ સાથે એક કરોડ 70 લાખ સભાસદો જોડાયેલા છે.

સહકારિતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ ગ્રામીણ સહકારી મંડળીઓના માધ્યમથી રાજ્યના પ્રત્યેક ખેડૂતને સહકારની આ ઝુંબેશ સાથે જોડવા આહવાન કર્યું હતું

ગુજરાતની બે દિવસની મુલાકાતનાં બીજા દિવસે આજે શ્રી શાહે આજે મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે કે.કે.પટેલ અને મધુબેન કે.પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે , નરેન્દ્ર મોદી સરકારે વિવિધ યોજનાઓ દ્વારા છેલ્લા 10 વર્ષમાં આરોગ્ય ક્ષેત્રમાં અભૂતપુર્વ પરિવર્તન કર્યું છે.

અન્ય એક કાર્યક્રમમાં શ્રી શાહે કડી તાલુકાના સદરા ગામ ખાતે ફાલ્કન એગ્રીફ્રીઝ ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડનાં ઑટોમેટિક ફ્રોઝન બટાકાની ઉત્પાદન સુવિધાનું ઉદઘાટન કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યનાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત અને સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# C.R. PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે કહ્યું હતું કે, સરકારે ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં એ ભાવનાને જળસંચય પ્રવૃત્તિથી સાર્થક કરી છે.

ઝઘડીયા સ્થિત બોરોસિલ રિન્યુએબલ્સના પરિસર ખાતે નવનિર્મિત વોટર હાર્વેસ્ટિંગ માળખાનું લોકાર્પણ કરતાં આ મુજબ જણાવ્યું હતું,

તેમણે વધુમાં કહ્યું હતું કે, દેશના દરેક જિલ્લામાં ૭૫ તળાવોના નિર્માણથી જળસંચય અને વોટર હાર્વેસ્ટિંગને વેગ મળ્યો છે. જળસંચય અને વોટર હાર્વેસ્ટિંગ મિશનનો ઉદ્દેશ ખેતરે-ખેતરે , ગામડે-ગામડે, શહેરે-શહેરે, વરસાદી પાણી જ્યાં પણ પડે ત્યાં તેનો સંગ્રહ કરવાનો છે.

(બાઈટ – સી.આર. પાટીલ)

. . . . . . . . . . . . .

# NARMADA – RTE SIT

નર્મદા જિલ્લામાં  રાઈટ ટુ એજ્યુકેશન -  RTE નો લાભ લેવા માટે ખોટા દસ્તાવેજો બનાવવાના કેસમાં જિલ્લા પોલીસવડાએ સીટની રચના કરી છે.

નર્મદા પોલીસે અત્યાર સુધી 700 જેટલા દસ્તાવેજોની તપાસ હાથ ધરી છે. રાજપીપળા ખાતે 100 જેટલા લોકોની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

ખાસ તપાસ ટુકડીના અધ્યક્ષ લોકેશ યાદવે જણાવ્યું છે કે, ખોટા દાખલામાં કોઈપણ સંડોવાયેલા હશે તેમની સામે પગલાં લેવામાં આવશે.

(બાઈટ – લોકેશ કુમાર, સીટ, અધ્યક્ષ)

. . . . . . . . . . . . .

# SMC - MADAK PADARTH

રાજ્યના યુવાનોને માદક પદાર્થથી બચાવવા માટે સરકારે શરૂ કરેલ અભિયાનમાં સ્ટેટ મોનીટરીંગ સેલે 24 કલાકમાં અમદાવાદના જુહાપુરા, મહેસાણા અને સુરત શહેરમાં દરોડા પડી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ-NDPSના વધુ ત્રણ કેસ નોંધ્યા છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્ટેટ મોનિટરિંગ સેલ- SMCના વડા નિર્લિપ્ત રાય અને તેમની ટીમને આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા છે. શ્રી સંઘવીએ જણાવ્યું કે, સરકારના આ નિર્ણાયક પગલાં રાજ્યને માદક પદાર્થ-મુક્ત બનાવવાના લક્ષ્યને વધુ વેગ આપે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, SMC પોલીસ સ્ટેશન દ્વારા અત્યાર સુધીમાં 12 મોટા NDPSના કેસો શોધી 25 માદક પદાર્થના કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવામાં આવ્યા છે. જેમની પાસેથી અલગ-અલગ પ્રકારના 4 કરોડ 14 લાખની કિંમતના માદક પદાર્થ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં બે નાઈજિરિયન આરોપીઓનો પણ સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# IPL

IPL ક્રિકેટમાં, દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ શરૂ થઈ છે ગુજરાત ટાઇટન્સ એ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

ગુજરાત આ મેચ જીતે તો પ્લે ઓફમાં તેનું સ્થાન સુનિશ્ચત થશે. ગુજરાત ટાઇટન્સ હાલમાં 11 મેચમાં 16 પોઇન્ટ સાથે ટેબલ પર બીજા સ્થાને અને દિલ્હી 11 મેચમાં 13 પોઇન્ટ સાથે પાંચમા સ્થાને છે.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આજથી 24મે સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં હળવા વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરી છે. જેમાં પવનની ઝડપ 30થી 50 કિલોમીટર પ્રતિ કલાકની નોંધાઈ શકે છે. હવામાન વિભાગ મુજબ આગામી સાત દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નોંધાશે નહીં.

આજે અને 21 તારીખે પૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં જ્યારે 22 તારીખે સૌરાષ્ટ્ર, દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઉપરાંત 23 અને 24 તારીખે સમગ્ર ગુજરાતમાં વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .